જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૩/૨૦૧૮ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૧૯/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૫૭૯ લીટર દેશી દારૂ, ૧૭૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૧ રિક્ષા, ૧ કાર અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૨૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૪૨૧/૧૮

**એલીસબ્રીજ:** ડેન્સીલ સન/ઓ ડેવીડ (ઉ.વ.૨૮) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ મેઘાણીનગર) એ તા.૦૧/૦૩/૧૮ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓગષ્ટ ૨૦૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન એલીસબ્રીજ સન્યાસ આશ્રમ સામે દેવનંનદન મોલ ઓફીસ નં ૨૨૪ ખાતે આરોપી હામીદ રહીમખાન પઠાણ (રહે. જહગીરપાર્ક સોસાયટી એવન સ્કુલ પાસે જુહાપુરા સરખેજ રોડ) એ ઓસ્ટ્રેલીયાના વર્ક પરમીટના વિઝા કરી આપવાની લાલચ આપી ડેન્સીલ પાસેથી રોકડ રૂપિયા ૪,૫૦,૦૦૦/-મેળવી લઈ ઓરીજનલ પાસપોર્ટ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એન.ડી પરમાર ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૪૨૨/૧૮

**કાગડાપીઠ:** જાગૃતીબ્હેન વા/ઓફ દિનેશકુમાર પટેલ (ઉ.વ.૪૩) (રહે. કલ્યાણ સોસાયટી મહુવા રોડ, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૩/૧૮ કલાક ૪/૧૦ વાગ્યાના સુમારે ગીતા મદિર નવા એસ.ટી. બસ સ્ટેન્ડ પ્લેટફોર્મ નં.૧૭ પર બસમાં ચડતી વખતે અજાણી વ્યક્તિએ જાગૃતીબહેન્ની નજર ચુકવી પર્સમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬,૦૫,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી નટવરભાઇ હરજીભાઇ ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૪૨૩/૧૮**

**નારોલઃ** રાજુભાઇ કાનજીભાઇ ઠક્કર (ઉ.વ.૫૨) (રહે. યોગીનગર રામ તલાવડીની બાજુમા નડીયાદ જીલ્લો-ખેડા) એ તા.૦૧/૦૩/૧૮ નારોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૨/૧૮ કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે જેતલપુર ગામથી થોડે આગળ આવેલ એપીએમસી માર્કેટ પહેલા રાજુભાઇ ઠક્કર લોડીંગ રિક્ષા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ ચાલુ વાહને કહ્યુ હતુ કેતુ અક્સિડેન્ટ કરીને આવેલ છે તેમ કહી રિક્ષા ઉભી રખાવી છરી બતાવી રાજુભાઈ ઠક્કરના ખીસામાંથી રોકડ રૂપિયા ૩૩,૦૦૦/- કાઢી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એ.એસ.પરમાર ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૪૨૪/૧૮**

**ચાંદખેડાઃ** રતિકા આલોક ઠાકુર (ઉ.વ.૩૫) (રહે.સંગાની આદિત્ય હાઇટસ ફોરડી સ્કવેર મોલ પાછળ ચાંદખેડા) તા.૨૮/૨/૧૮ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે ચાંદખેડા મોટેરા સંગાથ પ્લોટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો રતિકા ઠાકુરના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રતિકા ઠાકુરે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે આ ગુનાની તપાસ પોસઈ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**મણીનગરઃ** પિનાકીનીબહેન વા/ઓ જયેશભાઈ પટેલ (ઉ.વ.૪૫) (રહે. માધવ એપાર્ટમેન્ટ પુનિત આશ્રમ રોડ એલ.જી. કોર્નર રૂપ્સ સ્કુલની ગલી મણીનગર) તા.૨૭/૨/૧૮ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે મણીનગર એલ.જી.કોર્નર સરસ્વતી સ્કુલની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો પિનાકીનીબહેન પટેલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૯,૧૯૩/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પિનાકીનીબહેન પટેલે તા.૧/૩/૧૮ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૨૫/૧૮**

**રીવરફ્રંટ વેસ્ટઃ** નિકુંજ મહેશભાઇ સોલંકી (ઉ.વ.૨૦) (રહે. પીક સ્ટીયર્સની ચાલી, અશોકનગર સામે રાજપુર ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૩/૧૮ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા હરિહરાનંદ આશ્રમ પાછળ વોકવે ઘાટ નંબર-૮ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.